
Vishva Samachar Weekly

RNI : GujGuj/2001/05622

લવાજમ
વાર્ષિક : 250 રૂપિયા
છૂટક નકલ : 5-00 રૂપિયા
'વિશ્વ સમાચાર'ના
નામથી મોકલી આપવા વિનંતી
શેઠ વાડીલાલ સારાભાઇ હોસ્પિટલ સામે,

Associated
PRESS OWNERS WELFARE ASSOCIATION

વિશ્વ સમાચાર સાપ્તાહિક




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA

E-mail : vishvasamacharindia@gmail.com

● Office : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Allisebridge, Ahmedabad - 380006 : Mo. 92745 45455

• Year : 24 • Issue : 31 • Dt. 28-04-2025 • Monday • Rs.5-00 • • Page-4

### મન કી બાતમાં પીએમ મોદીએ કહ્યું

# પીડિત પરિવારોને ન્યાય અને ગુનેગારોને કડક સજા મળશે

નવી દિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદી "મન કી બાત" ના એપ્રિલ મહિનાના કાર્યક્રમના સંબોધનમાં પહેલગામ આતંકવાદી હુમલા પર વાત કરી છે. તેમણે કહ્યું, "જ્યારે હું તમારી સાથે મારા મનની વાત કરી રહ્યો છું, ત્યારે મારા મનમાં ઊંડું દુઃખ છે. ૨૨ એપ્રિલે પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાએ દરેક નાગરિકને દુઃખી કર્યો છે. દરેક ભારતીયને પીડિત પરિવારો પ્રત્યે ઊંડી સહાનુભૂતિ છે."

પીએમ મોદીએ મન કી બાતમાં કહ્યુ કે, પહેલગામમાં થયેલો આ હુમલો આતંકવાદને પ્રાયોજિત કરનારાઓની હતાશા દર્શાવે છે, તેમની કાયરતા દર્શાવે છે. જે સમયે કાશ્મીરમાં શાંતિ પાછી ફરી રહી હતી, શાળાઓ અને કોલેજોમાં ઉત્સાહ હતો, બાંધકામ કાર્ય અભૂતપૂર્વ ગતિએ આગળ વધી રહ્યુ હતું, લોકશાહી મજબૂત થઈ રહી હતી, પ્રવાસીઓની સંખ્યામાં રેકોર્ડ વધારો થઈ રહ્યો હતો, લોકોની આવક વધી રહી હતી, યુવાનો માટે નવી તકોનું સર્જન થઈ રહ્યું હતું. દેશના દુશ્મનો, જમ્મુ અને કાશ્મીરના દુશ્મનોને આ ગમ્યું નહીં. આ સાથે તેમણે જણાવ્યુ કે, આતંકવાદીઓ અને તેમના આકાઓ ઈચ્છે છે કે, કાશ્મીર ફરીથી બરબાદ થાય અને તેથી જ તેમણે આટલા મોટો કાવતરાને અંજામ આપ્યો. આતંકવાદ સામેના આ યુદ્ધમાં દેશની એકતા, ૧૪૦ કરોડ ભારતીયોની એકતા આપણી સૌથી મોટી તાકાત છે. આ એકતા આતંકવાદ સામેની આપણી નિર્ણાયક લડાઈનો પાયો છે. પીએમ મોદીએ વધુમાં ઉમેર્યું કે, દેશ સામેના આ પડકારનો સામનો કરવા માટે આપણે આપણા સંકલ્પને મજબૂત બનાવવો પડશે. આપણે એક રાષ્ટ્ર તરીકે મજબૂત ઈચ્છાશક્તિ દર્શાવવી પડશે. આજે દુનિયા જોઈ રહી છે, આ આતંકવાદી હુમલા પછી આખો દેશ એક અવાજમાં બોલી રહ્યો છે. ભારતના લોકોમાં જે ગુસ્સો છે તે આખી દુનિયામાં છે. આ આતંકવાદી હુમલા બાદ, વિશ્વભરમાંથી સતત સંવેદનાઓ મોકલવામાં આવી રહી છે. વૈશ્વિક નેતાઓએ મને ફોન કર્યો છે, પત્રો લખ્યા છે અને સંદેશા મોકલ્યા છે. આ જઘન્ય આતંકવાદી હુમલાની બધાએ સખત નિંદા કરી છે. તેમણે મૃતકોના પરિવારજનો પ્રત્યે સંવેદના વ્યકત કરી છે. પીડિત પરિવારોને ખાતરી આપતા તેમણે જણાવ્યુ છે કે, આતંકવાદ સામેની આપણી લડાઈમાં આખી દુનિયા ૧૪૦ કરોડ ભારતીયોની સાથે ઉભી છે. હું ફરી એકવાર પીડિત પરિવારોને ખાતરી આપું છું કે તેમને ન્યાય મળશે, ન્યાય ચોક્કસ મળશે. આ હુમલાના ગુનેગારો અને કાવતરાખોરોને સૌથી કડક જવાબ આપવામાં આવશે. તેમણે કહ્યું કે આતંકી અને આતંકના વડાઓ ઈચ્છે છે કે કાશ્મીર ફરી તબાહ થઈ જાય અને એટલા માટે આ મોટા ષડયંત્રને અંજામ આપ્યો. આતંકવાદ વિરુદ્ધ યુદ્ધમાં દેશની એકતા, ૧૪૦ કરોડ ભારતીયોનો સહયોગ, આપણી સૌથી મોટી તાકાત છે. આ એકતા, આતંકવાદ વિરુદ્ધ આપણી નિર્ણાયક લડાઈનો આધાર છે. પીએમ મોદીએ કહ્યુ કે આપણે દેશની સામે આવેલા આજે દુનિયા જોઈ રહી છે, આ આતંકી હુમલા બાદ દેશ એક સ્વરમાં બોલી રહ્યો છે.




### હવે રવાના કરવાની તૈયારી

# ગુજરાતમાં ૪૦૦ કરતાં વધુ પાકિસ્તાનીઓની થઈ ઓળખ

## અમદાવાદમાં વધુ ૭૭ પાકિસ્તાની નાગરિકો, સુરતમા ૪૪ અને કચ્છમાં ૫૦ પાકિસ્તાની નાગરિકો હોવાનો ખુલાસો



ગાંધીનગર,

પહલગામમાં આતંકી હુમલા પછી ભારતે પાકિસ્તાનને આકરો સંદેશો આપતા બુધવારે સાર્ક વિઝા હેઠળ આવેલા પાકિસ્તાનીઓને દેશ છોડવા આદેશ કર્યો હતો. ભારત સરકારે હવે ગુરુવારે પાકિસ્તાની નાગરિકોના મેડિકલ સહિત તમામ પ્રકારના વિઝા રદ કરી દીધા છે. અમિત શાહે મુખ્યમંત્રીઓને કહ્યું છે કે તેઓ શક્ય તેટલી વહેલી તકે પાકિસ્તાનના લોકોને પોતપોતાના રાજ્યોમાંથી હટાવે.ગૃહમંત્રીએ અધિકારીઓ સાથેની બેઠક બાદ આ નિર્ણય લીધો છે. આ દિશામાં ગુજરાત સરકાર એક્શનમાં આવી ગઈ છે. ગુજરાતમાં રહેલા પાકિસ્તાની નાગરિકોને હાંકી કાઢવા માટે કવાયત તેજ ધરાઈ છે. ગૃહ વિભાગ દ્વારા પાકિસ્તાની નાગરિકોની યાદી તૈયાર કરાઈ છે.જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં આતંકી હુમલાની જઘન્ય ઘટના બાદ ભારતે પાકિસ્તાન પર આકરા પ્રતિબંધો લાદી દીધા છે. જે પૈકી એક ભારતના શોર્ટ ટર્મ વિઝા ધરાવતા પાકિસ્તાની નાગરિકોને ૨૭ એપ્રિલ સુધીમાં દેશ છોડવા જણાવ્યું છે. ગુજરાતમાં રહેલા પાકિસ્તાની નાગરિકોને લઈને સૌથી મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાતમાં લોન્ગ ટર્મ વિઝા પર ૪૩૮ પાકિસ્તાની નાગરિકો હોવાનો ખુલાસો થયો છે. અમદાવાદમાં વધુ ૭૭ પાકિસ્તાની નાગરિકો, સુરતમા ૪૪ અને કચ્છમાં ૫૦ પાકિસ્તાની નાગરિકો, ગુજરાતમાં શોર્ટટર્મ વિઝા પર રહેલા ૭ નાગરિકો હોવાનો ખુલાસો થયો છે. આ સિવાય શોર્ટ ટર્મ વિઝા પર સૌથી વધુ ૫ પાકિસ્તાની નાગરિકો અમદાવાદમાં હોવાનું સામે આવ્યું છે. જ્યારે ૧ ભરૂચ અને ૧ વડોદરામાં પાકિસ્તાની નાગરિકો હોવાનો ખુલાસો થયો છે. ગુજરાતમાંથી પહેલા પાકિસ્તાની નાગરિકને તત્કાળ ભારતના બહાર મોકલવામાં આવ્યા છે જેનું નામ શાહિદા બીબી છે જે ભરૂચમા પોતાના સગાના ઘરે હતા. શોર્ટ ટર્મ વિઝા પર રહેલ શાહિદા બીબી પાકિસ્તાન મોકલી દેવામાં આવ્યા છે. અટારી બોર્ડરથી પાકિસ્તાન મોકલી દેવામાં આવી છે. વડોદરામાં એક મહિલા શોર્ટ ટર્મ વિઝા પર આવ્યા છે. તેમણે આગામી બે દિવસમાં દેશ છોડવો પડશે. આ હુમલા બાદ ભારત સરકારે સૌથી પહેલા ભારત અને પાકિસ્તાન વચ્ચેની સિંધુ જળ સંધિને મુલતવી રાખી હતી. ભારતે પાકિસ્તાનને ઔપચારિક પત્ર લખીને સિંધુ જળ સંધિને સ્થગિત કરવાની જાણકારી આપી હતી.

ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ ગુજરાતમાં વસતા પાકિસ્તાનીઓ મામલે જાણાવ્યું હતું કે, ભારત સરકારના નિર્ણયનું પાલન કરવું એ રાજ્ય સરકારની જવાબદારી છે. તમામ જિલ્લાના અધિકારીઓને આદેશ આપવામાં આવ્યા છે. અને પાકિસ્તાની પીડિતોને કોઈ જાતની હેરાનગતિ ન થાય તેનું ખાસ ધ્યાન રખાશે. જેટલા લોકોને દેશ છોડવાનું અલ્ટિમેટમ છે તેમની એસઓજી અને લોકલ પોલીસ કામગીરી કરી રહી છે. અલ્ટિમેટમ બાદ જો કોઈ પાકિસ્તાની અહીં રહેશે તો જે કરવાનું થતું હશે એ કરીશું એમાં કાઈ કહેવાનું ન હોય.

# LoC પર યુદ્ધની તૈયારી! ગામ લોકો સતર્ક, શરૂ કરી બંકરોની સફાઈ

જમ્મુ : જમ્મુ કાશ્મીરના પહેલગામમાં તાજેતરમાં થયેલા આતંકવાદી હુમલાએ ઘાટીના લોકોને ફરીથી ચેતવણી આપી છે. નિયંત્રણ રેખા (LoC) નજીક રહેતા લોકોએ બંકરો સાફ કરવાનું શરૂ કરી દીધું છે. આ પરિસ્થિતિ અહીં પહેલા રોજિંદા બનતી પરિસ્થિતિની યાદ અપાવે છે. લોકો મોદી બંકરોમાં ધાબળા અને પથારી જેવી રોજિંદા જરૂરી ચીજવસ્તુઓથી ભરી રહ્યા છે. ગ્રામજનો સૌથી ખરાબ સ્થિતિ માટે તૈયારી કરી રહ્યા છે. નાગરિકોને સરહદ પારથી થતા ગોળીબારથી બચાવવા માટે નિયંત્રણ રેખા (LoC) નજીક બંકરો બનાવવામાં આવી છે. આ બંકરોને અનૌપચારિક રીતે મોદી બંકર કહેવામાં આવે છે. તે પીએમ મોદીના બીજા કાર્યકાળ દરમિયાન મોટી સંખ્યામાં બનાવવામાં આવી હતી. આ સરહદ નજીક રહેતા લોકોની સુરક્ષા વધારવા માટે સરકારે શરૂ કરેલી પહેલનો એક ભાગ હતો.

*તંત્રીની કલમે................*

# જેહાદી આતંકનો ઉપચાર


Editor- Nilay H. Mehta

કાશ્મીરના પહેલગામમાં પર્યટકોને તેમના ધર્મના આધાર પર નિશાનો બનાવીને કરવામાં આવેલ આતંકી હુમલામાં ૨૮ લોકોના જીવ ગયા અને કેટલાય ઘાયલ થઈ ગયા. આતંકીઓએ હત્યા કરતાં પહેલાં પુરુષ પર્યટકોને પૂછ્યું કે તે હિંદુ છે કે મુસલમાન? પુરુષ પર્યટકોનાં કપડાં ઉતારીને એ પુષ્ટ કર્યું કે તે મુસ્લિમ તો નથી. કેટલાક પર્યટકોને કલમા પઢવાનું પણ કહેવાયું અને એવું કરવામાં અસમર્થ લોકોની હત્યા તેમની પત્ની અને બાળકો સામે જ કરી દીધી. આ આતંકી હુમલાની કેટલીય હૃદયવિદારક તસવીરો સામે આવી છે. ક્યાંક ત્રણ વર્ષનું બાળક પોતાના પિતાના લોહીલુહાણ શબ પર બેસી રડી રહ્યું છે તો ક્યાંક ભારતીય નૌસેનાના એક અધિકારીની નવવધૂ પોતાના મૃત પતિના શબ પાસે અસહાય બેઠી છે. મૃતકો અને ઘાયલોમાં ગુપ્તચર વિભાગના એક અધિકારી, ભારતીય નૌસેના, વાયુસેના વગેરે સુરક્ષા દળો સાથે જોડાયેલા અધિકારી પણ સામેલ છે, જે પોતાના પરિવારોની સાથે રજાઓ ગાળવા પહેલગામ ગયા હતા. અંદેશો છે કે આતંકીઓને પર્યટન વ્યવસાય સાથે જોડાયેલા સ્થાનિક લોકોએ તેમના ત્યાં હોવાની બાતમી આપી હોય. આ આતંકીઓને આશરો પણ સ્થાનિક લોકોએ જ આપ્યો હશે.

આવું પહેલી વાર નથી બન્યું કે સ્થાનિક લોકો દ્વારા આતંકીઓ માટે તેમના લ-યની નિશાનદેહી કરવામાં આવી હોય. આનાપ હેલાં વડાપ્રધાન પુનર્વાસ પેકેજ દ્વારા કાશ્મીરમાં સરકારી નોકરીઓ પર મોકલવામાં આવેલા કાશ્મીરના વિસ્થાપિત હિંદુઓની પણ તેમના જ સાથી કર્મીઓની બાતમીને કારણે હત્યાની ઘટનાઓ બની ચૂકી છે. આવા જ ગદ્દારોને કારણે સૈન્ય દળો પર પણ કેટલાય હુમલા થઈ ચૂક્યા છે. કાશ્મીરમાં હિંદુઓને નિશાનો બનાવવાની આ પહેલી ઘટના નથી. જૂન ૨૦૨૪માં રિયાસીમાં શિવખોડી મંદિરથી પરત ફરી રહેલી તીર્થયાત્રીઓની બસ પર આતંકીઓએ ઘાત લગાવીને હુમલો કર્યો હતો. કાશ્મીરી સમાજમાં આતંકી સંગઠનોની પહોંચ એટલી ઊંડી છે, તેને એના પરથી સમજી શકાય છે કે આ વર્ષે જ જમ્મુ-કાશ્મીર સરકારના પાંચ કર્મચારીઓને નોકરીમાંથી એટલા માટે હાંકી કઢાયા હતા, કારણ કે સરકારમાં રહીને પણ તેઓ આતંકી સંગઠનો માટે કામ કરી રહ્યા હતા. એવા બીજા સરકારી કર્મચારીઓ પણ છે, જેઓ આતંકી સંગઠનો સાથે મળેલા હોવાની શંકામાં તપાસ ચાલી રહી છે. કાશ્મીરમાં ફેલાયેલા ઈસ્લામી કટ્ટરપંથનું આ એ સત્ય છે, જે મોટાભાગે બાકી દેશની જનતા સુધી પહોંચવા દેવામાં નથી આવતું. અનુચ્છેદ ૩૭૦ એમ વિચારીને પણ હટાવવામાં આવી હતી કે દેશનો કોઈપણ નાગરિક અન્ય રાજ્યોની માફક ઈચ્છે તો કાશ્મીરમાં પણ વ્યવસાય સ્થાપિત કરી શકશે કે જ્યારે ચાહે ત્યાં આવાજાહી કરી શકશે. કાશ્મીરમાં ઊંડે સુધી વ્યાપ્ત ઈસ્લામિક કટ્ટરપંથને કારણે એવું થવું આજ સુધી સંભવ નથી બની શક્યું અને પીએમ પેકેજ દ્વારા નોકરી કરવા મોકલાયેલા કાશ્મીરના જ મૂળ નિવાસી હિંદુઓની પણ નિશાનો બનાવીને હત્યાઓ થઈ. આ સાબિત કરે છે કે કાશ્મીર માત્ર રાજકીય કે બંધારણીય સમસ્યા નથી અને ના તેને પારંપરિક સૈન્ય કાર્યવાહીથી નિયંત્રિત કરી શકાશે. કાશ્મીરમાં ત્યાં સુધી પૂર્ણ રૂપે શાંતિ નહીં સ્થપાય, જ્યાં સુધી જેહાદી કટ્ટરપંથથી ગ્રસ્ત કાશ્મીરીઓનો વૈચારિક ઉપચાર ન થાય. ચીન પોતાના મુસ્લિમ બહુમતી શિનજિયાંગ પ્રાંતમાં આ જ કરી રહ્યું છે. ચીનની કમ્યુનિસ્ટ સરકાર અલગતાવાદી અને આતંકી વિચારધારાની ચુંગાલમાં ફસાઈ ચૂકેલા લોકોને પુનર્શિક્ષણ કેમ્પોમાં મોકલે છે.

આ કેમ્પોમાં એવા લોકોના મન-મસ્તિષ્કમાં ભરાઈ ગયેલી કટ્ટરપંથી જેહાદી વિચારધારાને દૂર કરવામાં આવે છે અને તેમને બિન-મુસ્લિમો પ્રત્યે માનવીય સંવેદનાઓ રાખવાનું શિક્ષણ આપવામાં આવે છે. ચીનના આ એકલા મુસ્લિમ બહુલ પ્રાંતમાં ઈસ્લામી શિક્ષણ પર સરકારી નિયંત્રણો છે અને ત્યાંના મસ્જિદ-મદરેસાઓમાં ઈસ્લામી માન્યતાઓ કે મજહબી શિક્ષણના નામે કોઈપણ એવી ચીજ નથી પઢાવી શકાતી, જેનાથી બિનમુસ્લિમો પ્રત્યે ઘૃણાની ભાવના પાંગરે અથવા મજહબના નામે ચીનથી અલગતાવાદની માનસિકતા જન્મ લે.

**સમગ્ર ગુજરાત માં પત્રકારો અને જાહેરાત નું કામ કરી શકે તેવા ઉમેદવારો નીમવાના છે**

"વિશ્વ સમાચાર" અખબારમાં પત્રકાર તરીકે તથા જાહેરાત નું કામ કરી શકે તેવા યુવક – યુવતીઓ નીમવાના છે. જે ઉમેદવારને બાયોડેટા સાથે કાર્યાલય નો સંપર્ક કરવો.

**"વિશ્વ સમાચાર"**

મો. ૯૨૭૪૫ ૪૫૪૫૫

Email : vishvasamacharindia@gmail.com

### પોલીસ ડિટેન કરાયેલા લોકોના ડોક્યુમેન્ટ તપાસશે

# વલસાડમાં શંકાસ્પદ બાંગ્લાદેશીઓને કરાયા ડિટેન, ડોક્યુમેન્ટ નહીં હોય તો કરાશે ડિપોર્ટ

## જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ સમગ્ર ગુજરાતમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે

વલસાડ, તા.૨૭

રાજયમાં ગઈકાલથી જ શંકાસ્પદ બાંગ્લાદેશીઓ અને પાકિસ્તાની લોકોની તપાસ શરૂ કરી દેવામાં આવી છે.

ત્યારે વલસાડ જિલ્લા પોલીસ પણ આ મામલે હવે એક્શનમાં આવી છે. અમદાવાદ અને સુરત પછી વલસાડ જિલ્લામાં પણ કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને સંદિગ્ધ બાંગ્લાદેશીઓને ડિટેન કરવાની કાર્યવાહી કરવામાં આવી છે. મોટી સંખ્યામાં પોલીસના ઓપરેશનમાં લોકોને ડિટેન કરવામાં આવ્યા છે.

હાલમાં પોલીસે શંકાસ્પદ બાંગ્લાદેશીઓની અટકાયત કરીને તમામ લોકોના ડોક્યુમેન્ટ ચકાસવામાં આવી રહ્યા છે. જેમની પાસે પૂરતા ડોક્યુમેન્ટ નહીં હોય અથવા ડુપ્લીકેટ ડોક્યુમેન્ટ મળી આવશે તો ડિપોર્ટ કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. વલસાડ જિલ્લાના વાપી પોલીસ કેમ્પ પર કામગીરી હાથ ધરાઈ છે. ઉલ્લેખનીય છે કે સુરત અને અમદાવાદમાંથી પણ મોટી સંખ્યામાં શંકાસ્પદ બાંગ્લાદેશીઓની ઓળખ કરવામાં આવી છે અને તેમને પરત મોકલવાની કામગીરી હાથ ધરાઈ છે.

જમ્મુ કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકી હુમલા બાદ સમગ્ર ગુજરાતમાં એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે, ત્યારે પોરબંદર પોલીસ દ્વારા કડક ચેકિંગ હાથ ધરવામાં આવ્યું છે. પોરબંદર શહેરના સુભાષનગર વિસ્તારમાં જિલ્લા પોલીસ દ્વારા બાંગ્લાદેશી તથા પાકિસ્તાની નાગરિકોની શોધખોળ કરવામાં આવી રહી છે, પોલીસ દ્વારા ૭ અલગ અલગ ટીમ બનાવી લોકોના વેરિફિકેશન કરવાની કામગીરી હાલ કરવામાં આવી રહી છે અને શંકાસ્પદ લોકોના આધાર પુરાવા ચેક કરવાની કામગીરી જિલ્લા પોલીસ દ્વારા હાથ ધરવામાં આવી છે.

# ગુજરાત પોલીસની ભૂલ થઈ, બિહારીઓને બાંગ્લાદેશી સમજીને પકડ્યા

અમદાવાદ : પહેલગામ આતંકી હુમલા બાદ ગુજરાત પોલીસે સર્જિકલ સ્ટ્રાઈક કરીને ૧૦૦૦ જેટલા ગેરકાયદેસર બાંગ્લાદેશીઓને પકડી પાડ્યા છે. પરંતું આ વચ્ચે ગુજરાત પોલીસે કેટલાક બિહારીઓને બાંગ્લાદેશી સમજીને પકડ્યા હતા. RJDના મહિલા વિંગના પ્રદેશ પ્રમુખે ટિવટ કરતા પોલીસે તાત્કાલિક ચારેય યુવાનોની તપાસ કર્યા બાદ ચારેયને મુક્ત કર્યા હતા. ગુજરાતમાં ગેરકાયદેસર રહેતા બાંગ્લાદેશીઓ પર પોલીસની તવાઈ બોલાવી છે. અમદાવાદ, સુરતમાં પોલીસની કડક હાથે કાર્યવાહી હાથ ધરી છે. ગુજરાતની ધરતી પર રહેતા બાંગ્લાદેશીઓને પણ શોધાઈ રહ્યાં છે. ગુજરાતમાં રહેતા કુલ ૧ હજાર બાંગ્લાદેશીઓની અટકાયત કરાઈ છે. અમદાવાદમાં ૯૮૦, સુરતમાં ૧૩૪ બાંગ્લાદેશીઓ પકડાયા છે.

મોહમ્મદ રબાની, મોહમ્મદ નેક મોહમ્મદ, મોહમ્મદ મુબારક અને મોહમ્મદ આઝમ નામ આપ્યા છે. આ તમામ યુવાનોને અમદાવાદથી પકડવામાં આવ્યા હતા. ગુજરાત પોલીસ દ્વારા શંકાસ્પદ બાંગ્લાદેશીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી હતી. ત્યારે બીજી બાજુ હવે રાજકારણ પણ ગરમાયું હતું. ગુજરાતથી હજારો કિલોમીટર દૂરથી ગુજરાત પોલીસની આ કાર્યવાહી સામે પ્રશ્નો ઊભા કરવામાં આવ્યા છે.ગુજરાતમાં આજે લગભગ ૫૦૦ લોકોને ઘૂસણખોરી કહીને અટકાયતમાં લેવામાં આવ્યા છે. આ અંગે મીડિયામાં વિવિધ પ્રકારના સમાચારો ચાલી રહ્યા છે. કેટલાક તેમને બાંગ્લાદેશી કહી રહ્યા છે, જ્યારે કેટલાક તેમને ગેરકાયદેસર ઈમિગ્રન્ટ્સ કહી રહ્યા છે. પરંતુ કમનસીબે, આ કાર્યવાહીમાં મારા મતવિસ્તારના પરિહાર વિધાનસભા મતવિસ્તારની બાયા પંચાયતના કેટલાક યુવાનો પણ ઝડપાયા છે, જેઓ પોતાના અને પરિવાર માટે રોજીરોટી કમાવવા ગુજરાત ગયા હતા. તેને બાંગ્લાદેશી ગણાવીને કસ્ટડીમાં પણ લેવામાં આવ્યો છે. બાયા પંચાયતના સરપંચે આ યુવકોની ઓળખ કરતી વખતે પોતાના અધિકૃત પત્ર દ્વારા સ્પષ્ટ કર્યું છે કે આ તમામ લોકો ભારતના નાગરિક છે અને બિહાર રાજ્યના રહેવાસી છે.

### ભૂપેન્દ્ર પટેલે ટ્વીટ કરીને આભાર વ્યક્ત કર્યો

# પીએમ મોદીએ મન કી બાતમાં અમદાવાદની બે વાતને બિરદાવી

અમદાવાદ

વડાપ્રધાન મોદીએ આજે એપ્રિલ મહિનાનો મન કી બાત કાર્યક્રમ કર્યો હતો. જેમાં તેમણે અમદાવાદની બે વાતને બિરદાવી હતી. પીએમ મોદીએ મન કી બાતમાં એએમસી દ્વારા કરાયેલા વૃક્ષારોપણ અને સાયન્સ સિટી અંગે વાત કરી છે. જે બાદ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પીએમ મોદીની વાતને ઉત્સાહિત કરનારી જણાવી હતી. વડાપ્રધાન મોદીએ મન કી બાત કાર્યક્રમમાં સાબરમતી રિવરફ્રન્ટ અને કાંકરીયા ઝીલ અને વૃક્ષારોપણની કામગીરીને બિરદાવી હતી. તેમણે જણાવ્યુ કે, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ અભિયાનને પુરી ઉર્જાથી આગળ વધારવામાં આવી રહ્યુ છેજે બાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ટ્વીટ કરીને આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે ટાંક્યું હતુ કે, પીએમ મોદી દ્વારા પ્રેરિત એક પેડ મા કે નામ અભિયાન હેઠળ સમગ્ર દેશમાં વૃક્ષારોપણ અંગે નવચેતના વ્યાપી છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા આ અભિયાનને પૂરી ઊર્જાથી આગળ વધારવામાં આવી રહ્યું છે. શહેરમાં મોટા પાયે થયેલા વૃક્ષારોપણ તેમજ તળાવોના નિર્માણની કામગીરી સરાહનીય છે. PMએ મન કી બાત કાર્યક્રમમાં આ કામગીરીને બિરદાવી તે આપણા સૌને વૃક્ષારોપણ માટે અથાક પ્રયાસો કરવા ઉત્સાહિત કરનારી છે. આ સાથે તેમણે અમદાવાદની સાયન્સ સિટીનો પણ ઉલ્લેખ કર્યો હતો. જેમા પીએમ મોદીએ જણાવ્યુ હતુ કે, થોડા સમય પહેલા, મેં ગુજરાત સાયન્સ સિટીમાં સાયન્સ ગેલેરીઓનું ઉદ્ઘાટન કર્યું હતું. આ ગેલેરીઓ આપણને આધુનિક વિજ્ઞાનની સંભાવના અને વિજ્ઞાન આપણા માટે કેટલું કરી શકે છે તેની ઝલક આપે છે.

### તાપમાનો પારો ૪૩ ડિગ્રી પાર જવાની ચેતવણી

# હવામાન વિભાગે આગામી સપ્તાહ માટે પણ ગરમીનું એલર્ટ આપ્યું



અમદાવાદ

હવામાન વિભાગે રાજ્યમાં આકરી ગરમીની આગાહી કરી છે. રાજ્યના મોટા ભાગના વિસ્તારમાં તાપમાનનો પારો ૨થી૩ ડીગ્રી ઉંચે જવાના અનુમાન વ્યક્ત કર્યો છે. જેના પગલે મોટાભાગના વિસ્તારમાં તાપમાનનો પારો ૪૨ને પાર જાય તેવી શક્યતા છે. રાજ્યમાં અગનવર્ષાની સ્થિતિના કારણે બપોરમાં રસ્તા સૂમસાન જોવા મળે છે. ગઈ કાલે ૪૩.૯ ડિગ્રી તાપમાન સાથે રાજકોટ રાજ્યનું સૌથી વધુ ગરમ શહેર રહ્યું. અમરેલી, સુરેંદ્રનગરમાં પણ તાપમાનનો પારો ૪૩ ડિગ્રીને પાર પહોંચ્યો છે. અમદાવાદમાં પણ લોકો આકરા તાપના કારણે અગન વર્ષાનો અનુભવ કરી રહ્યાં છે. અમદાવાદમાં પણ ગરમીનો પારો ૪૧ ડિગ્રીને પાર પહોંચ્યો છે. આગામી દિવસોમાં પણ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રીનો વધારો થઈ શકે છે. હવામાન વિભાગે ખાસ કરીને અમદાવાદમાં આકરી ગરમીનું ૨ મે સુધી એલર્ટ આપ્યું છે. ૨ મે સુધીમાં અમદાવાદનું તાપમાન ૪૪ ડિગ્રી પહોંચે તેવું અનુમાન હવામાન વિભાગે વ્યક્ત કર્યું છે. અમદાવાદમાં ભીષણ ગરમીનું એલર્ટ

૨૮ તારીખે ૪૪ ડિગ્રી
૨૯ તારીખે ૪૪ ડિગ્રી
૩૦ તારીખે ૪૪ ડિગ્રી
૧ મેએ ૪૪ ડિગ્રી
૨ મેએ ૪૩ ડિગ્રી તાપમાન રહેવું અનુમાન

કયા કેટલું તાપમાન
રાજકોટ-૪૩.૯
સુરેંદ્રનગર-૪૩.૩
અમરેલી-૪૩.૧
ભુજ-૪૨
અમદાવાદ-૪૧.૩
ડીસા-૪૦.૮
ગાંધીનગર-૪૦.૫
ભાવનગર-૪૦.૫
વડોદરા-૩૯.૮

હવામાન વિભાગની આગાહી અનુસાર, આગામી ૨૪ કલાક બાદ રાજ્યના ઘણા ભાગોમાં તાપમાનમાં ૨-૩ ડિગ્રી સેલ્સિયસનો વધારો થવાની સંભાવના છે. વિભાગના જણાવ્યા મુજબ, ૨૭ એપ્રિલથી ૨ મે, ૨૦૨૫ સુધી, ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છના ભાગોમાં તાપમાન ૪૦-૪૪ ડિગ્રી સેલ્સિયસ વચ્ચે રહેવાની સંભાવના છે. જો કે આ સમયગાળા દરમિયાન હવામાન વિભાગે રાજ્યમાં હીટ વેવની કોઈ ચેતવણી જાહેર કરી નથી.

IMD અનુસાર, ગુજરાતમાં ભુજમાં ૪૧ ડિગ્રી, કંડલા (એરપોર્ટ)માં ૪૨, અમરેલીમાં ૪૧, સુરેન્દ્રનગરમાં ૪૩, રાજકોટમાં ૪૩.૨ ડિગ્રી, અમદાવાદમાં ૪૨, ડીસામાં ૪૧, ગાંધીનગરમાં ૪૧, વલ્લભવિદ્યાનગરમાં ૪૦, તાપમાન નોંધાયું હતું.હવામાન વિભાગે ગત દિવસના હવામાન અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, ગુજરાતના અનેક વિસ્તારોમાં આકરી ગરમી પડી હતી.

રાજ્યમાં સૌથી વધુ તાપમાન રાજકોટમાં ૪૩ ડિગ્રી નોંધાયું હતું. આ સાથે જ સૌરાષ્ટ્ર અને કચ્છના કેટલાક વિસ્તારોમાં તાપમાનમાં ઘટાડો જોવા મળ્યો હતો. આ ઉપરાંત દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં પણ તાપમાન સામાન્ય કરતાં વધુ રહ્યું હતું.

### જમીન વિવાદ હિંસક બન્યો હોવાની ઘટના સામે આવી

## બાવલું ગામે જમીનનો કબજો લેવા આવેલા જમીન માલિક પર જીવલેણ હૂમલો

### આ હુમલાની જાણ થતાં જ આસપાસના વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી

મહેસાણા

મહેસાણામાં જમીન વિવાદ હિંસક બન્યો હોવાની ઘટના સામે આવી છે. બાવલુ ગામમાં જમીન માલિક પર ૧૦થી વધુ લોકોએ હૂમલો કર્યો હતો. જમીન માલિક કોર્ટ અધિકારી સાથે સ્થળ મુલાકાતે ગયા હતાં. આ દરમિયાન ૧૦થી વધુ લોકોએ ત્યાં આવીને માથાકૂટ શરૂ કરી હતી. તેમણે જમીન માલિક મનન પટેલ અને કોર્ટના અધિકારીઓ પર હૂમલો કર્યો હતો. પોલીસે હૂમલો કરનાર શખ્સો સામે તપાસ શરૂ કરી છે. પ્રાપ્ત વિગતો પ્રમાણે મહેસાણા જિલ્લાના બાવલુ ગામમાં પોતાની જમીનો કબજો લેવા માટે કોર્ટના અધિકારીઓ સાથે પહોંચેલા અમદાવાદના જમીન માલિક મનન પટેલ પર ૧૦થી વધુ લોકોએ જીવલેણ હુમલો કર્યો હતો. આ હુમલાની જાણ થતાં જ આસપાસના વિસ્તારમાં ચકચાર મચી જવા પામી હતી. આ હુમલામાં ત્રણ લોકોને ઈજાઓ પહોંચી હતી. પોલીસે હુમલો કરનારા અજાણ્યા શખ્સો સામે તપાસ શરૂ કરી દીધી છે. મનન પટેલ કાયદા પ્રમાણે કોર્ટના અધિકારીઓ સાથે જમીનનો કબજો લેવા માટે પહોંચ્યા હતાં. આ દરમિયાન કેટલાક અજાણ્યા લોકોએ તેમની ઉપર હુમલો કર્યો હતો.

આ દરમિયાન કોર્ટના અધિકારીઓ પણ તેમની સાથે હોવાથી અજાણ્યા શખ્સોએ અધિકારીઓને પણ માર માર્યો હોવાનું જાણવા મળ્યું છે. પોલીસે લાકડી અને હથિયારો સાથે આવેલા અજાણ્યા શખ્સોની તપાસ હાથ ધરી છે. તેમની સામે હત્યાના પ્રયાસ સહીતની ફરિયાદ નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

### ૨૦૦ ઉમેદવારો શિક્ષણ મંત્રીના નિવાસ સ્થાને પહોંચ્યા

## શિક્ષકોની ભરતીની માગ સાથે ઉમેદવારો શિક્ષણ મંત્રીના નિવાસ સ્થાને પહોંચ્યા

ગાંધીનગર

શિક્ષકોની ભરતીની માગ સાથે ઉમેદવારો શિક્ષણ મંત્રીના નિવાસ સ્થાને પહોંચ્યાતાજેતરમાં ગાંધીનગરમાં ટેટ અને ટાટ પાસ ઉમેદવારોએ ભરતી કરવા મુદ્દે આંદોલન કર્યું હતું.

હવે રાજ્યમાં ધોરણ ૧થી ૫માં શિક્ષકોની ભરતી કરવાની માગ સાથે ઉમેદવારો મહીસાગર ખાતે શિક્ષણ મંત્રીને મળવા પહોંચ્યા હતાં. પરંતુ શિક્ષણ મંત્રી તેમના નિવાસ સ્થાને નહીં મળતાં ઉમેદવારોમાં રોષ ફેલાયો હતો. શિક્ષણ મંત્રીના નિવાસ સ્થાન બહાર ઉમેદવારોએ ભારે સુત્રોચ્ચાર કર્યા હતાં.

પ્રાપ્ત વિગતો પ્રમાણે રાજ્યમાં ધોરણ ૧થી ૫માં કાયમી શિક્ષકોની ભરતી માટે ઘણા સમયથી ઉમેદવારો આંદોલન કરી રહ્યાં છે. આજે મહીસાગર ખાતે શિક્ષણ મંત્રીના નિવાસ સ્થાને પહોંચેલા ઉમેદવારોએ શિક્ષણ મંત્રી કુબેરભાઈ ડિંડોરને મળવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ શિક્ષણ મંત્રી નહીં મળતાં ઉમેદવારો રોષે ભરાયા હતાં. રાજ્યના અલગ અલગ જિલ્લાના અંદાજે ૨૦૦ ઉમેદવારો શિક્ષણ મંત્રીના નિવાસ સ્થાને પહોંચ્યા હતાં.

અગાઉ ગાંધીનગરમાં આ ઉમેદવારો શિક્ષણ મંત્રીને મળવા ગયા હતાં. ત્યાં પણ તેઓ નહી મળતાં આજે ઉમેદવારો તેમના નિવાસ સ્થાન મહિસાગર પહોંચ્યા હતાં.

અલગ અલગ જિલ્લાના ૨૦૦ ઉમેદવારોને શિક્ષણ મંત્રીએ મુલાકાત નહીં આપતાં ઉમેદવારોમાં રોષ ફેલાયો હતો. ઉમેદવારોએ તેમના નિવાસ સ્થાન બહાર જમાવડો કરીને ભારે સુત્રોચ્ચાર કર્યા હતાં. ઉમેદવારોએ કહ્યું હતું કે, અમે માગણીઓ માટે ગાંધીનગર ગયા હતાં અને હવે તેમના નિવાસ સ્થાને આવ્યા છીએ પરંતુ શિક્ષણ મંત્રી અમને મળ્યા નથી.

### ગોંડલમાં અસામાજિક તત્ત્વોનો આતંક

## સરપંચ પુત્રોએ લોખંડની પાઈપ વડે યુવકને ઢોરમાર માર્યો

ગોંડલ

ગુજરાતમાં અવાર-નવાર અસામાજિક તત્ત્વોનો આતંક જોવા મળે છે. એવામાં હવે રાજકોટના ગોંડલમાંથી પણ આવા જ દ્રશ્યો સામે આવ્યા છે.

જ્યાં ધાક-ધમકી આપી મારામારી કરનાર બીજું કોઈ નહીં પરંતુ સરપંચના જ દીકરા હોવાનું સામે આવ્યું છે. હાલ, સમગ્ર ઘટનાનો સીસીટીવી વીડિયો સામે આવ્યો છે.

રાજકોટના ગોંડલમાં ધાક ધમકીઓ આપી ખુલ્લેઆમ મારામારીની ઘટનાઓ વધી રહી છે. ગોંડલ શહેરના રેતીચોક વિસ્તારમાં આવેલા વચ્છરાજ ફેબ્રિકેશનના કારખાનામાં જઈને રૂપાવટી ગામના સરપંચ પુત્રોએ યુવકને માર માર્યો હોવાની ઘટના સામે આવી છે. હાલ, આ મારામારીની ઘટનાના CCTV સામે આવ્યા છે. ૩ લોકોએ ભેગા મળીને ફેબ્રિકેશનના કારખાનામાં કામ કરતા કારીગરને લોખંડની પાઈપ વડે માર્યો છે. તેમજ લોખંડની છૂટ્ટી વસ્તુઓ ફેંકી હુમલો કર્યો હતો.

ગોંડલમાં ફેબ્રિકેશનનું કામ કરતા કિરીટ સોલંકી નામના યુવકને ૩ સરપંચ પુત્રોએ પાઈપ વડે માર માર્યો હતો. હાલ, ઈજાગ્રસ્ત યુવકને હોસ્પિટલમાં ખસેડવામાં આવતા ગોંડલ છ ડિવિઝન પોલીસે તપાસ હાથ ધરી છે.

## અમદાવાદમાં વૃદ્ધનું મોત, સુરતમાં દોઢ વર્ષની બાળકીએ ગુમાવ્યો જીવ

અમદાવાદ

ગુજરાતમાં અકસ્માતની ઘટનામાં ચોંકાવનારો વધારો થઈ રહ્યો છે. રવિવારે એક દિવસમાં બે શહેરોમાં અકસ્માતના કારણે બે લોકોના મોત નિપજ્યા છે. અમદાવાદમાં BRTS એ વૃદ્ધને અડફેટે લેતાં તેમનું મોત નિપજ્યું હતું. બીજી બાજું સુરતમાં રિક્ષાચાલકે મોપેડને અડફેટે લેતાં એક દોઢ વર્ષની બાળકીનું મોત નિપજ્યું છે. અમદાવાદમાં સાબરમતી ચાર રસ્તા પાસે BRTS એ કેશવપ્રસાદ તિવારી નામના વૃદ્ધને અડફેટે લેતાં તેમનું મોત નિપજ્યું હતું. વૃદ્ધ દવા લઈને પરત ફરી રહ્યા હતાં ત્યારે આ અકસ્માત સર્જાયો હતો.

હાલ, આ મામલે પોલીસે અકસ્માતનો ગુનો દાખલ કરી આ મુદ્દે વધુ તપાસ હાથ ધરી છે. બીજી બાજું સુરતના વેસુમાં અકસ્માતની ઘટના સામે આવી હતી. જ્યાં કાર અને રિક્ષા વચ્ચે ટક્કર થવાના કારણે એક દોઢ વર્ષની બાળકીનું મોત નિપજ્યું હતું અને ચાર લોકો ઈજાગ્રસ્ત થતાં સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. દુર્ઘટના બાદ લોકોએ કાર ચાલકને બહાર કાઢી માર માર્યો હતો. મળતી માહિતી મુજબ રોન્ગ સાઈડમાં આવતી કારે રિક્ષાને ટક્કર મારી અકસ્માત સર્જ્યો હતો.

## ટ્રાન્સપોર્ટ ઉદ્યોગમાં મંદીનો માહોલ

# સિમેન્ટ પરિવહનમાં ઘટાડો થતાં ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને ભારે ફટકો પડ્યો

કચ્છ : કચ્છનો સૌથી મોટો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ હાલના સમયમાં મુશ્કેલીનો સામનો કરી રહ્યો છે. કચ્છમાં ખેતી પછીના બીજા નંબરે આવતો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ મુખ્યત્વે લિગ્નાઈટ અને સિમેન્ટ પરિવહન ઉપર આધાર રાખે છે. હાલમાં લિગ્નાઈટ અને સિમેન્ટ પરિવહનમાં નોંધપાત્ર ઘટાડો થયો છે, જેના કારણે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને ભારે ફટકો પડયો હોવાનું સામે આવ્યું છે.

કચ્છ જિલ્લાનો સૌથી મોટો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ મંદીના માહોલમાંથી પસાર થઈ રહ્યો છે. કારણ કે, લિગ્નાઈટની માઈન્સમાંથી ક્વોટા ઘટાડી નાખવામાં આવતાં પરિવહન ઓછું થઈ ગયું છે તો બીજી તરફ સિમેન્ટનું પરિવહન રેલવે મારફતે થઈ રહ્યું છે. જેના કારણે ટ્રાન્સપોર્ટ ઉદ્યોગને આર્થિક ફટકો પડયો છે. લિગ્નાઈટ ક્વોટામાં સારા એવા પ્રમાણમાં ઘટાડો થવાના કારણે ટ્રક માલિકો બેકાર બન્યા છે. અગાઉ જિલ્લામાં દરરોજની ૧૦૦૦ જેટલા લિગ્નાઈટના ક્વોટા ફાળવવામાં આવતા હતા, જેની સામે હાલના સમયે માત્ર ૧૦૦ જેટલી લિગ્નાઈટની ટ્રકો પરિવહન કરી રહી છે. જેના કારણે હજારો ટ્રકોના પૈડા થંભી ગયા છે.

એક સમયે ધમધમતો અને લાખો લોકોને રોજગારી પુરી પાડતો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ હાલે પડી ભાગ્યો છે. મંદીના કારણે હજારો ટ્રકો પાર્કિંગમાં મુકવાની ટ્રક માલિકોને ફરજ પડી છે. કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસિએશન દ્વારા જીએમડીસીને લિગ્નાઈટ ક્વોટા વધારવામાં આવે તેવી રજૂઆત કરવામાં આવી છે. કારણ કે, કચ્છમાં લિગ્નાઈટ અને સિમેન્ટનું પરિવહન વધે તો કચ્છનો ટ્રાન્સપોર્ટ ઉદ્યોગ ફીવાર ધમધમતો થઈ શકે તેમ છે, અન્યથા ટ્રક માલિકોની પરિસ્થિતિ વધુ વણસતી જોવા મળશે.

કચ્છમાં હાલે લીગ્નાઈટ અને સિમેન્ટ પરિવહન માટે કુલ ૫૦૦૦ જેટલા ટ્રક માલિકો જોડાયેલા છે, પરંતુ જે રીતે લીગ્નાઈટ સહિતના ક્વોટામાં ઘટાડો કરવામાં આવ્યો છે. જેના કારણે મહત્તમ ટ્રક માલિકો હાલે બેકાર બની ગયા છે. એક ટ્રક સાથે ડ્રાઈવર, કલિનર મળી કુલ ૧૦,૦૦૦ જેટલા લોકોનો પરિવાર આ ટ્રાન્સપોર્ટનાં ધંધા ઉપર નભી રહ્યા છે, ત્યારે સ્વાભાવિકપણે જ ટ્રક માલિકોને ડ્રાઈવર, કલિનરના પગારો ચૂકવવાનું પણ ભારણ છે. કારણ કે, પગાર જ પરિવારજનોના ભરણપોષણ કરવા માટેનો મુખ્ય આધાર છે.

લીગ્નાઈટ અને સિમેન્ટનાં પરિવહનને સંલગ્ન પેટ્રોલ પંપ, ટાયર પંક્ચર કરતાં લોકો, ઢાબા સહિતનાં ધંધાર્થીઓને પણ ટ્રકોનાં પૈડા થંભી જવાને કારણે સારા એવા પ્રમાણમાં અસર થઈ છે. જ્યાં સુધી લીગ્નાઈટ પરિવહન પૂર્વવત નહીં થાય ત્યાં સુધી ટ્રક માલિકોની સાથે સાથે સંલગ્ન ધંધાર્થીઓનાં પણ શ્વાસ અદ્ધર રહેશે, તો ઘણા ખરા ટ્રક માલિકો ટ્રકનાં મળતાં ભાડામાંથી જ તેમના લોનના હપ્તાઓ ચુકવતાં હોય છે. છેલ્લા એક માસથી ક્વોટા ઘટાડવાને કારણે આ ટ્રક માલિકોને લોન ભરવા માટેના પણ સાંસા પડે તો નવાઈ નહીં.

કચ્છ જિલ્લા ટ્રક ઓનર્સ એસોસિએશનનાં પ્રમુખ ડો. નવઘણ આહિરે જણાવ્યું હતું કે, છેલ્લા એકાદ મહિનાથી માતાના મઢ અને ઉમરસર માઈન્સમાં લીગ્નાઈટનાં ક્વોટામાં ઘટાડો કરવામાં આવ્યો છે. જેમાં મુખ્યત્વે માતાનાં મઢમાં ૩ લાખ ટન લીગ્નાઈટ ઉપાડવાનો ક્વોટો ફાળવવામાં આવતો હતો, તેની જગ્યાએ હાલે આ માઈન્સમાંથી ૨ લાખ ટન લીગ્નાઈટનો ક્વોટા ફાળવવામાં આવ્યો છે. જ્યારે ઉમરસર માઈન્સમાં પણ ૪૦ ટકા જેટલા ક્વોટામાં કાપ મુકવામાં આવ્યો છે. આ સંદર્ભે એસોસિએશન તરફથી જીએમડીસીના એમડીને ક્વોટા પૂર્વવત કરવા માટે રજુઆત કરવામાં આવી હતી.

# ગાંધીધામમાં કોકેઈન સાથે ૨ આરોપીઓ ઝડપાયા

કચ્છ

કચ્છના ગાંધીધામમાંથી કોકેઈન સાથે ૨ આરોપી ઝડપાયા છે,૨૯ લાખના કોકેઈન સાથે પંજાબના ૨ આરોપીઓને પોલીસે બાતમીના આધારે ઝડપી પાડયા છે,ત્યારે પોલીસે આ સમગ્ર ઘટનામાં એનડીપીએસ એકટ હેઠળ કામગીરી કરી છે, આરોપીઓ કયાં અને કોને આ કોકેઈન આપવાના હતા તે દિશામાં પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે. કચ્છમાં બસ સ્ટેન્ડ પાસે ગેસ્ટ હાઉસમાં બાતમીના આધારે રેડ

કચ્છમાં બસ સ્ટેન્ડ પાસે ગેસ્ટ હાઉસમાં આ રેડ કરવામાં આવી હતી, પોલીસને બાતમી મળી હતી કે બે આરોપીઓ કોકેઈન લઈને ગેસ્ટહાઉસમાં ઉતર્યા છે ત્યારે પોલીસે તેના આધારે દરોડા પાડયા તો આરોપીઓ પાસેથી ૨૯ લાખનું કોકેઈન મળી આવ્યુ હતુ, આરોપીઓ લોકલ ડ્રગ્સ પેડલરને આ કોકેઈન આપવાના હતા તેવી માહિતી સૂત્રો પાસેથી મળી રહી છે, ગાંધીધામ બી ડિવિઝન પોલીસ આ મામલે વધુ તપાસ ચલાવી રહી છે.કચ્છના મુંદ્રામાં ૩૭ લાખના કોકેઈન સાથે બે ઝડપાયા છે. પશ્ચિમ કચ્છ એસઓજી અને પોલીસની સંયુક્ત કાર્યવાહીમાં આરોપી પાસેથી ૩૭ ગ્રામ કોકેઈન જપ્ત કર્યું છે. ઝડપાયેલા બંને આરોપીઓ રાજસ્થાનના હોવાનું પોલીસને જાણવા મળ્યું છે. પોલીસે આરોપીઓ વિરૂદ્ધ એનડીપીસી એક્ટ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે. પોલીસે આ જથ્થો કોને આપવાનો હતો અને ક્યાંથી લાવ્યા હતાં તેની પણ તપાસ હાથ ધરી છે.

# સુરત સ્ટેશન પર લોકોની પડાપડી, રેલવેનાં અણઘડ આયોજનથી મુસાફરો હેરાન



સુરત

પરીક્ષાઓ પૂરી થઈ જતાં લોકો ઉનાળું વેકેશન માટે નીકળી પડ્યા છે. સુરતમાં ઉત્તરપ્રદેશ જતી અંત્યોદય ટ્રેનની સ્થિતિ જોઈ રેલ્વે તંત્રનાં અણઘડ આયોજનથી મુસાફરો હેરાન થઈ ગયા હતા. લોકો ટિકિટ માટે પડાપડી કરતા જોવા મળ્યાં છે, લોકો ટિકિટ કાઉન્ટર પર પહોંચે છે ત્યારે ટિકિટ મળતી નથી હોતી. યોગ્ય સંચાલનનાં અભાવે લોકો કલાકોથી ટિકિટ માટે લાઈનમાં ઊભા જોવા મળ્યા છે. ઉનાળાના વેકેશનમાં પોતાના વતન જવા માટે ટ્રેનો ન મળવાને કારણે યુપી-બિહાર સહિત અન્ય રાજ્યોના રોજગાર માટે સુરત આવેલા લોકોને ઢોરની જેમ મુસાફરી કરવી પડી રહી છે. લોકોને ટિકિટ ખરીદવા માટે ૧૨-૧૨ કલાક સુધી કતારમાં ઉભા રહેવાની ફરજ પડે છે. દોઢ કિલોમીટરથી વધુ લાંબી કતારમાં રાહ જોયા પછી જ્યારે મુસાફરો ટિકિટ કાઉન્ટર પર પહોંચે છે, ત્યારે તેમને ખબર પડે છે કે કાઉન્ટર બંધ છે. કેટલાક મુસાફરો ટ્રેનને રવાના થતી અટકાવવા માટે પોતાના સામાન માથા પર રાખીને દોડીને પોતાનો જીવ જોખમમાં મૂકતા જોવા મળ્યા. અહીં કોઈ મેનેજમેન્ટ નથી. પોલીસ તેમને માર મારી રહી છે. જો ટિકિટ માટે કલાકો સુધી કતારો લાગે તો ટ્રેનની શું હાલત થશે. બાળકો અને વૃદ્ધો સહિત લોકો પરેશાન થઈ રહ્યા છે. આ ઉપરાંત, રેલ્વે તંત્રમાં આયોજનના અભાવથી નારાજ રાધિકાબેને જણાવ્યું કે તેમની માતાની તબિયત સારી નથી. મારે ગામ જવું છે, પણ મને ટિકિટ મળી રહી નથી. હું સવારે ૫ વાગ્યાથી આવ્યો છું પણ ટિકિટ માટે લાંબી કતાર હતી. હું પણ ટિકિટ કાઉન્ટર પર પહોંચ્યો, પણ તેમણે કહ્યું કે અત્યારે કોઈ ટિકિટ ઉપલબ્ધ નથી. મેં કહ્યું, મારી માતાની તબિયત સારી નથી, મને ટિકિટ આપો, પણ છતાં તેમણે મને ટિકિટ ન આપી.

વહીવટ સામે ગુસ્સો વ્યક્ત કરતાં મુસાફરે કહ્યું, "છેલ્લા ચાર કલાકથી ટિકિટ માટે કતાર લાગી છે. કોઈ વ્યવસ્થા નથી, કોઈ સુવિધા નથી. વહીવટ કંઈ કરી રહ્યો નથી. અત્યારે ફક્ત આ ટિકિટ માટે જ કતાર લાગી છે, ટ્રેન માટે કતાર કેટલી લાંબી હશે તે કહી શકાય નહીં. કોઈ સ્ટેશન માસ્ટર નથી, કોઈ વ્યક્તિ નથી. પોલીસ લોકોને લાકડીઓથી માર મારી રહી છે. આ કતાર દોઢ કિલોમીટર લાંબી હશે. જો તમને ટિકિટ મળશે, તો તમારે પ્લેટફોર્મ પર જવું પડશે અને ટ્રેનમાં ચઢવા માટે અલગ લાઈન હશે. હું પોતે બે કલાકથી ત્યાં ઉભો છું.

" આ અંગે પશ્ચિમ રેલ્વેના એક અધિકારીએ જણાવ્યું હતું કે પ્લેટફોર્મ પર ભારે ભીડને કારણે લોકોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે હાલમાં ત્યાં ભીડ વ્યવસ્થાપન (મેનેજમેન્ટ) કરવામાં આવી રહ્યું છે. વધારાની ટ્રેનો પણ દોડાવવામાં આવી રહી છે અને લોકોને આ અંગે માહિતી આપવા માટે જાહેરાતો પણ આપવામાં આવી રહી છે. ભીડ વ્યવસ્થાપનને કારણે, લોકોને લાગે છે કે લાંબી કતાર છે, પરંતુ ભીડ એકઠી ન થાય તે માટે, લોકોને કતારમાં ઉભા રાખવામાં આવે છે.




PRINTER, PUBLISHER, OWNER AND EDITOR : NILAYBHAI HARISHBHAI MEHTA PRINTED AT DHARTI PRINTERS : C/3, Celler, Shanker Chambers, Opp. Bata Showroom, Nr. H.K. House, Ashram Road, Ahmedabad-380009. gujarat AND PUBLISHED FROM : Opp. Sheth Vadilal Sarabhai Hospital, Ellisbridge, AHMEDABAD-380006(GUJ).